# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૬

નોવ્હેંબર 2023

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. આચાર્યાદિ ગુરુ ભ. બેઠા પછી જ તેઓ ની સન્મુખ.............................. બેસવું
૨. કર્મ નો બંધ-મોક્ષ..........................એવા આત્મા ને છે જ નહીં.
૩. આ તો પાકુ ફળ છે એમ વિચાર કરી પાકી કેરી ચુસે તો ............................. અતિચાર લાગે .
૪. આયુષ્ય કર્મ ઘટી શકે છે પરંતુ ........................... ન જ થાય.
૫. રુકિમ અને મહાહિમવંત આ બન્ને ......................... પર્વત છે.
૬. સાધુઓ ના સંઘે વંદના કરેલા એવા ...................... ને હું પ્રણામ કરું છું.
૭. હું પ્રતિદિવસ ............................. તપ કરીશ.
૮. ત્રણ ભેદ ............................ નામકર્મ ના છે.
૯. અંતર ના ................................વિધિ પૂર્વક વંદન કરવા તે ભાવ વંદન છે.
૧૦. શ્રાવક જો નિરવદ્ય આહાર ન લઈ શકે તો પણ ...................... તો અવશ્ય થવું જોઈએ.
૧૧. ........................ સમયે સમયે ન બંધાતા ભવ માં એક જ વખત બંધાય છે.
૧૨. ગુરુ ને વંદન કરવાથી પ્રાણી .......................... કર્મ ગ્રંથી ને ભેદન કરતા શિથિલ બંધન રુપ કરી નાખે છે.
૧૩. .......................... એવો આત્મા સર્વ વ્યાપક છે.
૧૪. ખાવાના પદાર્થોની સંખ્યા, સ્નાન ની સંખ્યા આદિ .................... આવે છે.
૧૫. સિદ્ધાયતન .......................... ઉપર છે.
૧૬. ............................ દુ:ખ છે છતાં ત્યાં જીવવા ની ઇચ્છા છે.
૧૭. ગુરુ થી પહેલા ......................... ની આલોચણા લે તો આશાતના સમજવી.
૧૮. માનસિક વિકાર અને ક્રુરતા ના ......................... જીવો ધર્મ કરવા માટે ની લાયકાત ગુમાવી બેસે છે.
૧૯. મૌર્ય પુત્ર સર્વશ્રેષ્ઠ ............................ સંસ્થાન વાળુ શરીર પામ્યા હતા.
૨૦. આપણ જીવન બાગ ને સુંદર બનાવવા ............................. વિવેક લાવીએ.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જ્વાબ લખો -** ૧૫

૧. આત્મા જ્ઞાન થી કેવો છે ?
૨. જિનદર્શન - પૂજા પૂર્ણ કરી લીધા પછી શ્રાવક શું કરવા જાય ?
૩. આયુષ્ય જેટલું છે તેટલું ભોગવાય એ ક્યો આયુષ્ય કહેવાય ?
૪. ક્યા પર્વતો માં દરેક ને ચાર-ચાર શિખરો છે ?
૫. તપસ્યા થી તત્કાળ ઉગેલા શરદ ઋતુના સૂર્ય થી અધિક કાંતિ કોની છે ?
૬. અનાભોગ થી છૂટ રાખેલી હદ થી વધારે સચિત્ત લેવા માં આવે તો ક્યો અતિચાર લાગે ?
૭. 'ત્રસચતુષ્ક' આ બે શબ્દ માં પ્રથમ શબ્દ શું સુચવે છે ?
૮. કઈ રત્ન કુક્ષી માતા ના બન્ને પુત્ર ગણધર હતા ?
૯. માનવી શેના થી પોતા ના જીવન ને મલિન બનાવે છે ?
૧૦. વૈતાઢ્ય ના શિખરો કેવા છે ?
૧૧. શ્રીકૃષ્ણ મહારાજા ને વંદન થી શેની પ્રાપ્તિ થઈ ?
૧૨. અતિશય દુ:ખ હોવાથી ક્યાંથી જલ્દી છુટવા ના ભાવ જીવ ને થાય ?
૧૩. વીર પ્રભુ ના છઠ્ઠા ગણધર નું ગોત્ર શું હતું ?
૧૪. મહામુનિ શાંતિનાથ શેના પ્રવર્તક છે ?
૧૫. ચારો દિશા વિદિશા માં જવાનું પ્રમાણ શેમાં કરવા માં આવે છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) ઉવણમે ૨) છક્કં ૩) ગંઠિતુ ૪) થિમિઅં ૫) અરુહં ૬) વિજ્જુપહ ૭) નમણાઈ ૮) તિ-નવઈ ૯) ફાસ ૧૦) સમુઇય
૧૧) વિણઓણય ૧૨) ગારસ ૧૩) શિરસ્ય ૧૪) આયવુજ્જોયં ૧૫) પવતયં ૧૬) અંજસા ૧૭) ખવે ૧૮) તિગ
૧૯) મિચ્છાઈ ૨૦) ઉરગ

**પ્રશ્ન – ૪ જોડકા જોડો (ફક્ત બી નો નંબર લખો)** ૧૦

| A | B |
|---|---|
| ૧) કાકોદુંબર | ૧) પિંડ પ્રકૃતિ |
| ૨) ઉચ્છવાસ | ૨) આશાતના |
| ૩) મૌર્યપુત્ર | ૩) વરુણ |
| ૪) અજિતનાથ | ૪) અભક્ષ્ય |
| ૫) બલકૂટ | ૫) તુચ્છફળ |
| ૬) વસ્ત્ર | ૬) અગુરુલઘુ |
| ૭) આનુપૂર્વી | ૭) નિશ્ચલ |
| ૮) અવગ્રહ | ૮) કાશ્યપ |
| ૯) કુબેર | ૯) પરિભોગ |
| ૧૦) જાંબુ | ૧૦) સહસ્ત્રાંકકુટ |

**પ્રશ્ન–૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. નામકર્મ ની કુલ પ્રકૃતિઓ માં બંધન કેટલા ?
૨. શ્રી મંડિત બ્રામ્હણે કેટલા શિષ્યો સાથે જૈનત્વ સ્વીકાર્યું ?
૩. મૂળ માં પાઁચસો યોજન વિસ્તારવાળા કેટલા શિખરો છે ?
૪. શાસ્ત્ર માં ગુરુ ની આશાતના કેટલી ?
૫. શરીર બાંધીએ ત્યારે કેટલી પ્રકૃતિ સાથે બાંધિએ ?
૬. શ્રી મૌર્ય પુત્ર ગણધર કેટલા વર્ષ સર્વજ્ઞ બની પૃથ્વી પર વિચર્યા ?
૭. કેટલા પર્વત ઉપર છેલા શિખર સિદ્ધકુટ કહેવાય છે ?
૮. આપણ ને કેટલા અભક્ષ્ય નો ત્યાગ કરવો જોઈએ ?
૯. અસ્થિર ષટક માં નામકર્મ ની કેટલી પ્રકૃતિઓ આવે ?
૧૦. શ્રી મંડિતસ્વામી ની છદ્મસ્થ અવસ્થા કેટલા વર્ષ ની ?

**પ્રશ્ન – ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( × ) તે જણાવો** ૧૦

૧. દ્વાદશાવર્ત વંદન પદસ્થ ને જ કરાય છે.
૨. પર્વતો ના બહુસંખ્ય શિખરો સુવર્ણમય છે.
૩. પાણી ને એક ઉકાળો આવે એટલે પાણી અચિત થઈ જાય.
૪. સ્થાવર દશક ની એક પ્રકૃતિ અનાદેય નામ કર્મ છે.
૫. કાચી આંબલી તુચ્છૌષધી નો એક પ્રકાર છે.
૬. સિદ્ધાયતન ને પશ્ચિમ દિશા માં પણ દ્વાર હોય છે.
૭. સેંકડો દેવતાઓ એ અજીતનાથ ભ. ની સ્તુતિ કરેલ છે.
૮. મોરીય સન્નિવેશ ગામમાં બાલવિધવા ના બીજા લગ્ન નો નિષેધ ન હતો.
૯. એક ભાણેજ મુનિ ને હર્ષ પૂર્વક ગુરુવંદન ની ભાવના ભાવતાં રાતે જ કેવલજ્ઞાન ની પ્રાપ્તિ થઈ.
૧૦. ગુરુ આગળ પગ ઉપર પગ ચઢાવી ને બેસવા થી ગુરુ ની આશાતના થાય.

**પ્રશ્ન – ૭ નીચેનું વાક્ય કયા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. જીવન ને સાચા અર્થ માં જીવવા માટે ભોગ–ઉપભોગ માં મર્યાદા આવશ્યક નહીં પણ અનિવાર્ય છે.
૨. મહાભયંકર પાપો ને ભોગવવાનું સ્થાન તે નરક.
૩. વિણઓણય સિરિરઈ અંજલિ રિસિગણ સંથુઅં થિમિઅં.
૪. પ્રત્યક્ષ રીતે તું આ સમવસરણ માં આવી ને બેઠેલા દેવો ને દેખે છે.
૫. ગુંદર તો અચિત્ત છે પણ એને સચિત્ત નો સ્પર્શ લાગેલો છે તેથી અભક્ષ્ય છે.
૬. સવાર ના વહેલા ઊઠી જલ્દી તૈયાર થઈ શીતલાચાર્ય પાસે જઈ દ્રવ્ય વંદન કર્યુ.
૭. વિરાધના થી અટકીએ તો શુદ્ધ શુભ ભાવ માં રમતા સદ્‌ગતિ નુ આયુષ્ય બંધાય.
૮. આપણે આ શાશ્વત ચૈત્ય અને શાશ્વત પ્રતિમાજી ને ભાવ થી વંદના કરશું.
૯. જે પ્રકૃતિ કહી હોય તેથી માંડી ને જેટલી સંખ્યા હોય તેટલી પ્રકૃતિઓ જાણવી.
૧૦. હું પાઁચ તિથિ અવશ્ય રાત્રિભોજન નો ત્યાગ કરીશ.

**પ્રશ્ન – ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. આયુષ્ય કર્મ ની વિચિત્રતાઓ.
૨. ભોગોપભોગ વ્રત શું છે સચિત્ત પ્રતિબદ્ધ અતિચાર સમજાવો.
૩. મંડિતસ્વામી ની શંકા અને પ્રભુ નું સમાધાન.
૪. ત્રણ પ્રકાર ના ગુરુ વંદન.
૫. અજિત શાંતિ સ્તવ ની ગાથા ૨૦–૨૧ નું ગાથાર્થ.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ – ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪
સાચા પરિણામ અને સાચા ઉત્તર માટે વેબ સાઈટ www.shatrunjayacademy.com